## (1) પુરંદર દાસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે શિવભક્ત સંત હતાં

(2) તેણે પોતાના ગીત થકી જાતિવાદના દુર્ગુણો સમક્ષ લડાઈ લડી હતી.

(3) તેને પ્રચલિત રીતે 'કાર્નાટીક સંગીત'ના પિતામહ તરીકે ઓળખવામાં આવે છે.

(4) દ્વૈતવાદના સંત વ્યાસતિર્થ તેમના ગુરુ હતાં.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પુરંદર દાસ (1484-1564) ભગવાન કૃષ્ણના ભક્ત તથા સંત હતાં. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ દ્વૈતવાદના સંત વ્યાસતિર્થ તેમના ગુરુ હતા તથા તેઓ કનકદાસના સમકાલીન હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમણે દ્રવિડ તથા આર્યન સંગીતની એક સંયુકત ધારા બનાવી જે કાર્નાટીક સંગીત તરીકે ઓળખાય છે.

⇛ તેણે સંગીતમાં આપેલાં પોતાના ફાળા બદલ તેમને 'કાર્નાટીક સંગીત'ના પિતામહ તરીકે ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓ એક ગાયક તથા સંગીતકારની સાથે–સાથે સમાજસુધારક પણ હતાં.

⇛ તેણે પોતાના ગીતો થકી જાતીપ્રથાના દુર્ગુણો સમક્ષ લડાઈ લડી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેમનાં જન્મસ્થળ વિશે મતભેદ હોવાથી પુરાતત્ત્વ વિભાગ દ્વારા તેમના કહેવાતાં જન્મસ્થાન કેશવપુરમાં સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) "ANITA" વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ 'ANtarctic Impulsive Transient Antenna' છે.
(2) તે એક પ્રકારનો રેડિયો ટેલીસ્કોપ છે.
(3) તે નાસાની ન્યુટ્રિનો માટેની પ્રથમ ઓબ્ઝર્વેટરી છે.
(4) તે ખૂબ જ વધુ ઊર્જા ધરાવતાં કોસ્મીક કિરણોના ન્યુટ્રિનોને શોધવાનું કાર્ય કરે છે.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ANITAનું પૂરુંનામ ANtarctic Impulsive Transient Antenna છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે એક પ્રકારનું રેડિયો ટેલીસ્કોપ છે. તેમાં એક વૈજ્ઞાનિક બલુન એન્ટાર્કટીકા પર ઊડતું રહે છે અને ખૂબ જ ઊંચી ઊર્જા ધરાવતાં કોસ્મીક કિરણોના ન્યુટ્રિનોને તે શોધે છે. (આથી, વિધાન (2) અને (4) સાચાં છે.)

⇛ કોઈપણ પ્રકારના ન્યુટ્રિનો માટેની નાસાની તે પ્રથમ ઓબ્ઝર્વેટરી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ઉપકરણમાં એક હિલિયમ વાયુના બલુન સાથે રેડિયો એન્ટેના જોડાયેલા હોય છે. આ બલુન એન્ટાર્કટીકાની બરફની શીટ પર 37,000 મીટર ઊંચે ઊડતું હોય છે.

⇛ તાજેતરમાં નાસાના આ ઉપકરણ દ્વારા કરાયેલા સંશોધન પરથી સમાંતર બ્રહ્માંડ (Parallel Universe)ની શકયતાઓ સામે આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) વધેલા કૃષિ કચરા (Stubble)ને સળગાવવા માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ખેતર સાફ કરવા માટેની તે સૌથી સસ્તી અને ઝડપી પદ્ધતિ છે.
(2) તેના ધુમાડાંમાં મિથેન અને કાર્બન મોનોકસાઈડ જેવાં ઝેરી વાયુઓ રહેલાં હોય છે.
(3) આ પદ્ધતિ દ્વારા જમીનની ફળદ્રુપતા ઘટી શકે છે.
(4) તેના દ્વારા જમીનમાં રહેલો ભેજ તથા જમીનમાં રહેલાં ઉપયોગી સૂક્ષ્મ જંતુઓ પણ નાશ પામે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ ઉત્તર ભારતના રાજ્યોમાં ઘઊંની સિઝન પૂરી થતાં વધેલા કૃષિ કચરાને સળગાવવાના બનાવોમાં વધારો જોવા મળ્યો છે.

⇒ આ પદ્ધતિ પર વાયુ (અટકાયત અને પ્રદૂષણના નિયંત્રણ) અધિનિયમ, **1981** હેઠળ પ્રતિબંધ લગાડવામાં આવેલો છે.

⇒ આ પદ્ધતિ ખેતરને સાફ કરવા માટેની સૌથી સસ્તી તથા ઝડપી પદ્ધતિ હોવાથી ખેડૂતો વારંવાર તેનો ઉપયોગ કરે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇒ આ પદ્ધતિ દ્વારા કેટલાંક નુકશાનકારક તથા ઝેરી વાયુ પણ ધુમાડાં સાથે મુકત થાય છે. જેમ કે, કાર્બન મોનોકસાઈડ, મિથેન, નાઈટ્રોજન ડાયોકસાઈડ, સલ્ફર ડાયોકસાઈડ વગેરે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇒ જમીન પર આવા કચરાના દહનથી જમીનના પોષક તત્ત્વો પણ નાશ પામે છે. આથી આ પદ્ધતિ દ્વારા ફળદ્રુપતામાં ઘટાડો પણ જોવા મળે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇒ ઉપરાંત ઉત્પન્ન થતી ગરમી દ્વારા જમીનનો ભેજ ઊડી જાય છે તથા કેટલાંક ઉપયોગી સૂક્ષ્મ જંતુઓ પણ નાશ પામે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) CACP (કમિશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈસ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે કૃષિ મંત્રાલય સાથે સંકળાયેલ છે.

(2) તેનું કાર્ય સરકારને MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ)ની ભલામણ કરવાનું છે.

(3) વર્તમાન સમયે CACP 23 જેટલાં વિવિધ પાક માટે MSPની ભલામણ કરે છે.

(4) તેના બંધારણમાં એક ચેરમેન, 5 ઓફિશિયલ સભ્યો તથા 5 નોન–ઓફિશિયલ સભ્યો હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ CACP કૃષિ મંત્રાલય હેઠળની એક એટેચ્ડ ઓફિસ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે જાન્યુઆરી 1965માં અસ્તિત્વમાં આવેલી છે.

⇛ વર્તમાન સમયે તેના બંધારણમાં એક ચેરમેન, મેમ્બર–સેક્રેટરી, એક ઓફિશિયલ સભ્ય તથા બે નોન–ઓફિશિયલ સભ્યો હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ નોન–ઓફિશિયલ સભ્યો કૃષિ સમુદાયના પ્રતિનિધિ હોય છે.

⇛ CACPના વિવિધ કાર્યો :

- સરકારને MSPની ભલામણ કરવી
- ખેડૂતોને આધુનિક ટેક્નોલોજી અપનાવવા પ્રોત્સાહન આપવું.
- ઉત્પાદકતા તથા કુલ ઉત્પાદનમાં વધારો કરવો.

(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્તમાન સમયે CACP 23 પાક માટે MSPની ભલામણ કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કોલબેડ મિથેન (CBM) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારત પાસે CBMના સૌથી વધુ રિઝર્વ રહેલાં છે.

(2) તે એક પ્રકારનું અશુદ્ધ ઈંધણ છે.

(3) તે એક પ્રકારનો કુદરતી વાયુ છે જે કોલસાના સ્ત્રોતમાં રહેલો હોય છે.

(4) તેનો ઉપયોગ CNG તરીકે થઈ શકે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ CBM એ એક પ્રકારનો બિનપરંપરાગત કુદરતી વાયુ છે કે જે કોલસાના સ્ત્રોતમાંથી મળી આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વિશ્વમાં CBMના રિઝર્વમાં ભારતનો પાંચમો ક્રમ આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ CBMની લાક્ષણિકતાઓ તેને એક વૈકલ્પિક શુદ્ધ ઈંધણ બનાવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં ગોંડવાના કાંપ તથા પૂર્વ ભારતમાં CBMનો મોટો જથ્થો મળી આવે છે.

⇛ CBMના ઉપયોગો :

- વિજ ઉત્પાદનમાં
- કમ્પ્રેસ્ક નેચરલ ગેસ (CNG) 'ઓટો ફ્યુલ' તરીકે.

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT